**મે.ધોળકાના એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ (શ્રી એન.બી.મુનશી) સાહેબની કોર્ટમાં, મુ: ધોળકા.**

**ક્રિમીનલ કેસ ન. 99/2026**

**આંક:**

ફરિયાદી:- **અશોક એસ. ચાહલ**

**ગુમાસ્તા ઈન્સપેકટર, નગર પાલીકા ધોળકા**

**:: વિરુધ્ધ ::**

આરોપી:- (૧) **દાસ ક્રિએશન**

રહે- **ટાવર બજાર, જીની નગર પાલીકા સામે, ધોળકા**

**આરોપ : - ગુજરાત દુકાન અને સંસ્થા અધિનીયમ ની કલમ- ૦૭ મુજબ**

(૧) આજ રોજ નામદાર નેશનલ લીગલ સવિસ ઓથોરીટીઝના ઉપક્રમે નેશનલ લોક અદાલત યોજવામાં આવેલ છે અને ગુજરાત રાજય કાનુની સેવા સતા મંડળના તથા નામદાર જીલ્લા અદાલતના આદેશ મુજબ આજરોજ સ્પેશીયલ સીટીગ રાખેલ છે.
(૧.૧) આ કામના આરોપીઓ સામે ફરીયાદ પક્ષનો કેસ એવો છે કે, ધોળકા નગરપાલીકા વિસ્તાર માં ગુજરાત દુકાન અને સંસ્થા અધિનીયમ ની કલમ- ૦૭ મુજબ મુજબનો ગુનો નોંધાવતા, આરોપીઓ વિરુધ્ધ ગુન્હો નોંધી તપાસના અંતે પુરતો પુરાવો મળીઆવતા આ કામે ચાર્જશીટ રજુ કરવામાં આવે છે.

(૨) આરોપી આજ રોજ તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો આપવામા આવેલી છે અને આરોપી ની પ્લી નોંધવામાં આવેલ છે. અને આરોપી ગુનો કબુલાત કરવા માંગતા હોવાની પુરશીશ થી ગુન્હા કબૂલાત પુરશીશ આપી તેની સામેનો ગુન્હો કબૂલ કરવા રજુઆત કરેલ છે. કબુલાત પુરસીસ વંચાણે લેતા, તેમાં જણાવેલ કારણો ધ્યાને લેતા, આરોપીઓ ગરીબ વર્ગનો માણસ જણાય છે. તેમજ કુટુંબમાં માત્ર એક જ કમાનાર સભ્ય છે. બાળ બચ્ચાવાળા ઈસ્મ હોવાનુ જણાઈ આવે છે. અને ભવિષ્યમાં બીજો ગુનો નહી કરવાની ખાતરી આપે છે. તેમજ તેનો પ્રથમ ગુનો હોવાનું જણાય છે. અને જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો સમાજમાં માન- મોભા ભર્યા સ્થાનથી જીવી શકે તેવા પ્રયત્નો કરી શકે તેમ

છે. તે સંજોગોમાં તેમને ઓછામાં ઓછી સજા અને દંડ કરવો ન્યાયી અને ઉચિત માનુ છું.

(૩) વધુમાં નામદાર ગુજરાત વડી અદાલતે ૨૦૦૫ (૧) જી.એલ.આર. ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરિચંન્દ્રજી ઠાકોરના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતને કાયદામાં કરેલ લધુત્તમ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે અને સદરહુ ચુકાદાનાં પાના નં- ૭૨૧ ઉપર પેરા-૨૧ માં જે કારણો જણાવેલ છે તે ધ્યાને લેતા ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરુપ થતો હોઈ તેમ જણાય છે. જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતા ઓછી સજા કરવા માટેનાં વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. જેથી ઓછામાં ઓછી સજા અને દંડ કરવો જોઈએ. તેમ હું નમ્ર પણે માનુ છુ.અને સજા અંગે આરોપીને સાંભળ્યા બાદ ન્યાયનાં હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**-::હુકમ::-**

(૧)- આ કામના આરોપીને બી.એન.એસ.એસ ની કલમ- ૨૭૫ મુજબ ગુજરાત દુકાન અને સંસ્થા અધિનીયમ ની કલમ- ૦૭ મુજબના ગુના માટે આરોપીને રૂ. ૫૦૦૦/-(અંકે રૂપિયા પાંચ હજાર પુરા)પુરાનો દંડ ભરવાનો સજા ફરમાવવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડની રકમ ભરવામાં કસૂર કરે તો તે બદલ દિન-૩ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આજરોજ હુકમ નેશનલ લોકઅદાલત સ્પેશીયલ સીટીંગ માં તારીખ ૧૪ માહે માર્ચ , ૨૦૨૬ ના રોજ જાહેર કર્યો

**તારીખ:- ૧૪/ ૦૩ / ૨૦૨૬** **(એન.બી.મુનશી)**

સ્થળ: ધોળકા. **એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ધોળકા.**

**Judge Code No-GJ00735**